## કાર્યનોંધ

## પ્રકાશન સમિતિની શૈક્ષણિક વર્ષ - ૨૦૧૭-૧૮ની ત્રીજી બેઠક

---

તા. ૨૭-૦૯-૨૦૧૭નાં રોજ માન.કુલપતિશ્રીનાં કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રકાશન સમિતિની ત્રીજી બેઠકનું આયોજન થયું. સૌપ્રથમ સંશોધન અધિકારીશ્રીએ નવી પ્રકાશન સમિતિનાં સભ્યોને આવકાર્યાં અને તેમનું હાર્દિક સ્વાગત કર્યું. ગત બેઠકમાં કરેલ ભલામણો અનુસાર કરવામાં આવેલ કામગીરીને બહાલી/મંજૂરી આપવામાં આવી. આ ઉપરાંત, નવી કરવાની થતી કામગીરીની નીચેની વિગતે સમિતિએ ભલામણો કરેલ છે.

(૧.) તા.૧૧-૦૮-૨૦૧૭નાં રોજ કરવામાં આવેલ ભલામણો ક્રમ નં. ૧ થી ૮ અનુસાર સંશોધન-પ્રકાશન વિભાગે જરૂરી તમામ કાર્યવાહી કરેલ છે, જેની પ્રકાશન સમિતિએ નોંધ લીધી અને કરેલ કામગીરીને બહાલી આપી તેમજ આવશ્યક મંજૂરી પણ આપેલ છે.

(૨.) श्रीराज्ञीदेविसहस्रनामनिरूपणम् (ડો. ચમન લાલ રૈના) ગ્રંથની સમીક્ષા કરાવતાં બંને સમીક્ષકોએ પ્રકાશનની ભલામણ કરેલ છે. પ્રકાશન સમિતિ બંને સમીક્ષકોનાં રિપોર્ટોને આધારે યુનિવર્સિટી નિયમાનુસાર ગ્રંથ પ્રકાશનની મંજૂરીની ભલામણ કરે છે. Publication Agreement તથા પ્રકાશન મંજૂરીનો પત્ર પાઠવીને, Publication Agreement કરીને પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૩.) सौराष्ट्रस्य रसधारा ગ્રંથની સમીક્ષા કરાવતાં બંને સમીક્ષકોએ કેટલીક શરતોને આધીન પ્રકાશનની ભલામણ કરેલ છે. પ્રકાશન સમિતિ બંને સમીક્ષકોનાં રિપોર્ટોને આધારે યુનિવર્સિટી નિયમાનુસાર ગ્રંથ પ્રકાશનની મંજૂરીની ભલામણ કરે છે. Publication Agreement તથા સમીક્ષકોની શરતો સહિત પ્રકાશન મંજૂરીનો પત્ર પાઠવીને, Publication Agreement કરીને પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૪.) U.G.C. Regulations 2016 અનુસાર API ગણતરીમાં કરવામાં આવેલ ધરખમ ફેરફારોને ધ્યાને લઈ માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ પ્રકાશન સમિતિએ સૂચિત કામગીરી હેતુ ડો. દિપેશ કતિરા અને ડો. કાર્તિક પંડ્યાનાં નામ સૂચવેલ છે. ડો. કાર્તિક પંડ્યા પત્ર લખી ગ્રંથાલય વિભાગ પાસેથી તથા યુનિવર્સિટીનાં તમામ અધ્યાપકો પાસેથી તેમના પ્રકાશિત ગ્રંથો/પુસ્તકો મેળવશે અને ડો. દિપેશ કતિરાને જમા કરાવશે. ડો. દિપેશ કતિરા અને ડો. કાર્તિક પંડ્યા બંન્ને મળીને U.G.C.ના નિયત ફોર્મેટમાં તે તમામ પ્રકાશિત ગ્રંથો/પુસ્તકોની સૂચિ તૈયાર કરી સમિતિ/માન. કુલપતિશ્રી સમક્ષ રજૂ કરી, મંજૂરી મેળવી, યુનિવર્સિટી વેબસાઇટ પર પ્રકાશિત કરશે અને U.G.C.ને પણ એક નકલ મોકલી આપશે એમ ભલામણ છે.

(૫.) ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરે તેમના પત્ર ક્રમાંક ગસઅ/પ્રકાશન વિભાગ /૧૪૨૪/૨૦૧૭ તા. ૦૫-૦૯-૨૦૧૭ દ્વારા બે ગ્રંથો (૧) બારીન્દ્રકુમાર ઘોષ અને (૨) સ્વામી શ્રદ્ધાનંદને સંસ્કૃતમાં અનુવાદ કરી અત્રેથી પ્રકાશિત કરવાની મંજૂરી મળેલ છે. "બારીન્દ્રકુમાર ઘોષ" ગ્રંથની સમીક્ષા કરાવતાં બંને સમીક્ષકોએ પ્રકાશનની ભલામણ કરેલ છે. પ્રકાશન સમિતિ બંને સમીક્ષકોનાં રિપોર્ટોને આધારે યુનિવર્સિટી નિયમાનુસાર ગ્રંથ પ્રકાશનની મંજૂરીની ભલામણ કરે છે. Publication Agreement તથા પ્રકાશન મંજૂરીનો પત્ર પાઠવીને, Publication Agreement કરીને પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(૬.) "સ્વામી શ્રદ્ધાનંદ" ગ્રંથને પણ સંસ્કૃતમાં અનુવાદ કરી અત્રેથી પ્રકાશિત કરવાનિ મંજૂરી ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરે આપેલ છે. પરંતુ આ સંસ્કૃતમાં થયેલ અનુવાદ ગ્રંથની સમીક્ષા થયેલ ન હોવાથી આ ગ્રંથની સમીક્ષા કરવા સમિતિ નીચે મુજબ ભલામણ કરે છે.

સમીક્ષક – ૧ = ડો. કૃષ્ણપ્રસાદ નિરૌલા, નડિયાદ
સમીક્ષક – ૨= ડો. શ્યામ સુંદર ઝા, પૂર્વપ્રધાનાચાર્ય,
શ્રી મુક્તાનંદ સંસ્કૃત મહાવિદ્યાલય, મગોદ (ડુંગરી, વલસાડ)

(૭) ગત બેઠકમાં મળેલ મંજૂરીને આધીન યુનિવર્સિટી P.T. પ્રાધ્યાપક ડો. જયેશકુમાર મુંગરા અને યોગ શિક્ષિકા કુ. દૃષ્ટિ બારૈયાએ ડિપ્લોમા ઇન યોગ અભ્યાસક્રમનો પૂર્ણ સિલેબસ એકત્ર કરી પ્રકાશનાર્થે અત્રે જમા કરાવતાં તેને સમિતિ સમક્ષ રજૂ કરેલ છે. માન. કુલપતિશ્રીએ આ બાબતે સ્પષ્ટ સૂચન કરેલ છે કે આ પ્રકાશનની Board of Studiesમાંથી પ્રકાશનની મંજૂરી મેળવ્યા બાદ જ પ્રકાશનની સમીક્ષા હેતુ પુન: રજૂ કરવું. હાલમાં દર્શન વિભાગના ડો. જાનકીશરણ આચાર્ય, સહાયકાચાર્ય તથા આર્ષ સંસ્થાના નિર્દેશક ડો. શ્રુતિપ્રકાશ દાસ સ્વામી આ ગ્રંથની આંતરિક સમીક્ષા કરી બાહ્ય સમીક્ષાનાં સૂચન કર્યેથી આગામી પ્રકાશન સમિતિની બેઠકમાં બાહ્ય સમીક્ષકશ્રીઓનાં નામ લઈ અગ્રિમ કાર્યવાહી કરવી એમ ભલામણ છે.

(૮) પ્રકાશન સમિતિ તેમજ E.C. સભ્ય ડૉ. દીપેશ કતિરાએ સમિતિ સમક્ષ રજૂઆત કરતાં કહ્યું કે Publication Sales Department સંભાળવાનો કોઈ કાર્યાલય આદેશ કે પત્ર ગ્રંથાલય વિભાગને થયેલ ન હોવાથી ગ્રંથાલય વિભાગને આ અંગેનો કાર્યાલય આદેશ કરવા સમિતિને વિનંતી કરેલ છે. સમિતિએ સર્વાનુમતે ગ્રંથાલય વિભાગને Publication Sales Department સંભાળવાનો કાર્યાલય આદેશ કરવા ભલામણ કરેલ છે.

(૯) પ્રકાશન સમિતિ તેમજ E.C. સભ્ય ડૉ. દીપેશ કતિરા તથા પ્રકાશન સમિતિના સભ્ય સચિવ ડૉ. કાર્તિક પંડ્યાએ સમિતિ સમક્ષ રજૂઆત કરેલ છે કે યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ ગ્રંથોનું વેચાણ વધે, તેનાં કોપીરાઈટ્સ, વેચાણ કિંમત, ડિસ્કાઉંટ જેવી બાબતોમાં યોગ્ય નિર્ણય હેતુ યુનિવર્સિટીનાં ગ્રંથપાલને પણ આ સમિતિમાં સમાવિષ્ટ કરવામાં આવે. આ બાબતની ગંભીરતાપૂર્વક નોંધ લઈ સમિતિ કાળજીપૂર્વકની તેમજ પુખ્ત વિચારણાને અંતે વર્તમાન પ્રકાશન સમિતિમાં યુનિવર્સિટીનાં ગ્રંથપાલ શ્રી રવિન્દ્ર કાલેને સમાવિષ્ટ કરવા ભલામણ કરે છે.

(૧૦) પ્રકાશન સમિતિ સભ્ય ડૉ. જાનકીશરણ આચાર્યએ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ ગ્રંથોની સૂચિ (List of University Publications) પ્રકાશિત કરવાનું સૂચન કરતાં, માન. કુલપતિશ્રી અને સમિતિએ સૂચન સહર્ષ સ્વીકારતાં આ કાર્ય ડૉ. જાનકીશરણ આચાર્ય સ્વયં સંભાળે એમ સર્વાનુમતે ભલામણ કરેલ છે.

(૧૧) માન. કુલપતિશ્રી અને સમિતિએ પ્રકાશિત થયેલ યુનિવર્સિટી ન્યુઝલેટર सोमज्योतिः અંક -૧૪ની નોંધ લઈ તેને બહાલી આપી અને તેના ખર્ચને પણ બહાલી આપી. યુનિવર્સિટી ન્યુઝલેટર सोमज्योतिः અંક -૧૫ ઝડપથી પ્રકાશિત થાય તેવાં ઉમદા હેતુથી પ્રબંધ સંપાદક ડૉ. કાર્તિક પંડ્યાને સૂચન કરેલ છે તથા અંક -૧૫ના સંપાદક ડૉ. દીપેશ કતિરા રહે એમ નિર્દેશ કરેલ છે. અંક -૧૬થી सोमज्योतिःના પ્રબંધ સંપાદક યુનિવર્સિટીનાં ગ્રંથપાલ શ્રી રવિન્દ્ર કાલે રહેશે અંક ૧૬થી તમામ અંકો માટે રોટેશન પદ્ધતિથી માન – કુલપતિશ્રીનાં સૂચનથી કોઇ એક અધ્યાપક સંપાદક રહેશે અને સમયમર્યાદામાં सोमज्योतिः પ્રકાશિત કરશે.



SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(૧૨) **અધ્યક્ષ સ્થાનેથી** - પ્રકાશન અર્થે આવેલ ગ્રંથ "जगतिविंशतिका" (ડો. નરેન્દ્રકુમાર પંડ્યા)ની સમીક્ષા અર્થે સમિતિ નીચે મુજબની ભલામણ કરે છે.

સમીક્ષક – ૧ = પ્રો. હર્ષદેવ માધવ, અમદાવાદ

સમીક્ષક – ૨ = પ્રો. ભાગીરથી નંદ, L.B.S. ન્યુ દિલ્હી.

(૧૩) સમિતિએ સર્વાનુમતે ભલામણ કરેલ છે કે યુનિવર્સિટી શોધપત્રિકા શોધજ્યોતિઃનો પ્રથમ અંક ઝડપથી પ્રકાશિત થાય તે હેતુથી ત્રીજું પ્રૂફ સ્વયં સંપાદકો વાંચન કરે. વધુમાં માનનીય કુલપતિશ્રીએ સૂચન કરેલ છે કે વાક્યાર્થ પરિષદમાં પ્રસ્તુત થતાં લેખો પણ શોધજ્યોતિઃનાં આવનારા અંકોમાં પ્રકાશિત થાય.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી